# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

## તા.૧૨/૦૪/૨૦૨૧

કોવિડ–૧૯ની વૈશ્વિક મહામારીને ધ્યાને લઈ શહેરમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ પ્રકારની આરોગ્યલક્ષી કામગીરી સરકારશ્રીની કોવિડ–૧૯ની માર્ગદર્શિકા મુજબ તાકીદના ધોરણે કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાંક સમયથી શહેરમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને ફરજીયાત માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા, ભીડભાડવાળી જગ્યાઓ પર કામ વગર ન જવા તેમજ લગ્ન પ્રસંગો/ધાર્મિક મેળાવડાઓ વિગેરે સ્થળોએ જતા પહેલા SOPનું ફરજીયાત પાલન કરવા, "નો માસ્ક નો એન્ટ્રી" વિગેરે બાબતોનું ચુસ્તપાલન કરવા વારંવારની અપીલ તેમજ સુચનો કરવામાં આવે છે તેમ છતાં શહેરીજનો ધ્વારા તેનો ચુસ્તપણે અમલ ન થવાને કારણે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં કોરોના વાયરસના સંક્રમણનું પ્રમાણ વધી રહયુ છે. જે ચિંતાજનક બાબત છે.

શહેરમાં કોરોના વાયરસના સંક્રમણનું પ્રમાણ ન વધે તે માટે અને કોરોનાની પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ SOPનું પાલન ન કરી બેદરકારી દાખવનાર વ્યકિતઓ/સંસ્થાઓ વિગેરે સામે શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે દંડની રકમ વસૂલ કરવામાં આવે છે. તેમજ ચેતવણીના ભાગરૂપે શહેરમાં " જો કોઈ વ્યકિત માસ્ક વિના જાહેરમાં ફરતા જોવા મળશે તો તેઓ પાસે સુરત મહાનગરપાલિકા ધ્વારા રૂા.૧૦૦૦/– દંડ વસુલ કરવામાં આવશે " તેવાં સાઈનેજીસ અને બોર્ડ પણ લગાડવામાં આવેલ છે.

તા.૧૨/૦૪/૨૦૨૧નાં રોજ શહેરનાં વિવિધ ઝોન વિસ્તારમાં માસ્ક ન પહેરનાર કુલ ૩૧૮ વ્યકિતઓ પાસેથી આજ રોજ કુલ રૂા.૩,૧૮,૦૦૦/– નો દંડ વસુલ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા જે દંડ વસુલ કરવામાં આવે છે તેનો મુખ્ય હેતુ એ છે કે લોકો કોરોનાની ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ તેઓ કોરોના વાયરસનાં સંક્રમણથી પોતે બચી પોતાના પરિવારને પણ સુરક્ષિત રાખે અને શહેરમાં દિનપ્રતિદિન વધી રહેલાં કોરોનાના કેસોને નિયંત્રિત કરવામાં સુરત મહાનગરપાલિકાને યોગ્ય સાથ સહકાર આપે અને SOPનું પાલન કરે. માસ્ક ન પહેરવા બદલ તેઓ રૂા. ૧૦૦૦/– નો દંડ ભરે છે ઉપરાંત તેમના પર જે શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે પોલીસ ફરિયાદ થાય તેમાંથી પણ તેઓ બચી શકે છે.

આજ રોજ વિવિધ કોમર્શિયલ વિસ્તારમાં ઝોન ધ્વારા ૨૫,૧૧૬ દુકાનો/સંસ્થાઓ ચેક કરવામાં આવેલ જેમાંથી અદાંજીત ૧૧,૦૨૧ રસી લીધેલ વ્યકિત, ૧૪,૯૦૬ વ્યકિતઓએ કોરોના ટેસ્ટ કરાવેલ તેમજ ૬,૨૩૮ વ્યકિત રસી લીધેલ ન હોય અથવા ટેસ્ટ રિર્પોટ કરાવેલ ન હોય તેવી સંસ્થાઓ બંધ કરાવેલ છે.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**

**સમાચાર યાદી નં.૮૭, તા.૧૨/૦૪/૨૦૨૧**